## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



પંડિતજી... ગણેશ સ્થાપન રોજ બે ટાઈમ પૂજા એવું સળંગ આઠ દિવસનાં તમારો જી.એસ.ટી. સહિત આપી દો...!!





**સે-૩-સીની જોખમી ગટરો કોઈનો ભોગ લેશે??**

પાટનગરમાં વરસાદે વિરામ પણ લીધો અને બીજો રાઉન્ડ પણ ટૂંકમાં પતાવી દીધો. આમ છતાં હજુ પણ શહેરમાં અનેક ઠેકાણે પડેલા જોખમી ખાડાઓ અને ભૂવાઓ તંત્રને દેખાતા નથી. છેલ્લા ઘણા દિવસથી સે-૩-સીમાં પ્લોટ નં. ૪૭૦/૨ અને પ્લોટ નં. ૪૮૯/૨ પાસે તુટેલી ગટરોના કારણે પડેલા જોખમી ખાડાં કોઈ બાળક કે નાના પશુનો ભોગ લઈ શકે તેવા હોવા છતાં તંત્ર દ્વારા અક્ષમ્ય બેદરકારી દાખવવામાં આવી રહી છે. સ્થાનિક રહીશો દ્વારા આ બાબતે ‘સુવિધા’માં લેખિત અરજી અને મૌખિક રજુઆતો કરવા છતાં નિંભર તંત્ર કુંભકર્ણની નિંદ્રાને આધીન જણાઈ રહ્યું છે.

# મહાકાળી મહાપ્રસાદ સેવા કેન્દ્રનું આયોજન

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના વકીલ મિત્ર મંડળ દ્વારા સતત ૧૪માં વર્ષે અંબાજી પગપાળા જતા પદયાત્રીકો માટે મહાકાળી મહાપ્રસાદ સેવા કેન્દ્રનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૨૯ ઓગસ્ટથી તા.૧ સપ્ટેમ્બર દરમિયાન મહાપ્રસાદ વિતરણનું આયોજન કરવામાં આવ્યું છે.આ મહાપ્રસાદ સેવા કન્દ્રનું ઉદઘાટન તા.૨૯ ના રોજ સવારે ૮.૩૦ કલાકે ક-૭ પાસે પરંપરા હોટલ સામે બાલવાના ગીરનારી આશ્રમના પરમવિદુષી બાલયોગીની સાધ્વી પૂ.ગીતાદીદીના હસ્તે કરવામાં આવશે. મહાકાળી મહાપ્રસાદ સેવા કેન્દ્ર ખાતે રોજ રાત્રે ભકતો માટે ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં તા.૨૯ અને તા.૩૧ રોજ ના રોજ પ્રકાશ રાઠોડ અને હરેશ રાવતના કંઠે ગરબાની રમઝટ જામશે.ત્યારબાદ તા.૩૦ ના રોજ ગુજરાતી ફિલ્મ કલાકાર રતનસિંહ વાઘેલા દ્વારા રાસગરબાની ભારે જમાવટ કરશે. આ પ્રસંગે મધુર ડેરીના ચેરમેન ડો. શંકરસિંહ રાણા, કોંગ્રેસના પ્રદેશ પ્રવકતા ડો. હિમાંશુ પટેલ,વકીલ મિત્રો કરણસિંહ બી.વાઘેલા, બી આર શર્મા, અતુલભાઈ પંડયા, અશ્વીન ત્રિવેદી, વિજયભાઈ ત્રિવેદી, પ્રકાશ પટેલ, અશ્વિન જાની, જનક બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહેશે. જયારે આ મહાઆરતી અને મહાકાળી મહાપ્રસાદના ઉદઘાટન પ્રસંગે સૌ ધર્મપ્રેમી જનતાને હાજર રહેવા વકીલ મિત્રો દ્વારા અનુરોધ કરાયો છે



**પેથાપુરમાં ભીમનાથ ગૌશાળાનું ઉદ્‌ઘાટન**

પેથાપુર ગામમાં ભીમનાથ મહાદેવના મંદિરે મંગળવારે ગૌશાળાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના વિખ્યાત ધોળેશ્વર મહાદેવ મંદિરના મહંત પૂ. રામસ્વરૂપ પુરીના હસ્તે આ ઉદ્‌ઘાટન યોજવામાં આવ્યું હતું. જેમાં વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગદળના કાર્યકરોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

# ગણેશોત્સવમાં રાષ્ટ્રભાવના અને સામાજિક જવાબદારીની ફ્લેવરનો તડકો

**ઈકો ફ્રેન્ડલી ગણેશનું ચલણ વધવા સાથે રક્તદાન કેમ્પ, બેટી બચાવો, સ્વચ્છતા અભિયાન જેવા જાગૃતિ વિષયક કાર્યક્રમોનો ઉમેરો થયો : પૂર પિડિતો અને શહીદો માટે દાન અર્પણ કરવાનો મહિમા વધ્યો**

ગાંધીનગર, તા. ૨૪

શહેરમાં ગણેશ ચતુર્થીથી ગણેશ ઉત્સવનો દબદબાભેર પ્રારંભ થઈ રહ્યો છે. આ વર્ષે ગાંધીનગરના ગણેશોત્સવમાં માત્ર ડીજે સાઉન્ડના ઘોંઘાટને બદલે સામાજિક જવાબદારી સાથેના કાર્યક્રમોના આયોજનો વધુ જોવા મળી રહ્યાં છે. જને પગલે શહેરના શ્રદ્ધાળુઓ વધુ પરિપક્વ થયા હોવાનું ફલિત થઈ રહ્યું છે. આ વર્ષે સાર્વજનિક ગણેશોત્સવોમાં રક્તદાન શિબિર, આયુર્વૈદિક ઉકાળાનું વિતરણ, સ્વાઈનફ્લુ જાગૃતિ કાર્યક્રમ સહિત દેશભક્તિ, બેટી બચાવો, સ્વચ્છતા અભિયાન વગેરે થીમ આધારિત ઉજવણી થતી જોવા મળશે. આ ઉપરાંત ગણેશોત્સવમાં આવતુ દાન બનાસકાંઠાના પૂરપિડીતો તથા શહીદો માટે આપવાનું પણ ચલણ જોવા મળી રહ્યું છે.



ગણેશોત્સવની લોકપ્રિયતા દિન પ્રતિદિન વધતી જવા પાછળ આ ઉત્સવમાં કરવામાં આવતા વૈવિધ્યસભર કાર્યક્રમોના આયોજનો છે. શહેરીજનોને પરિવાર સહિત શુદ્ધ મનોરંજન સાથે ભક્તિ કરવાનો મોકો મળતો હોવાથી આ ઉત્સવ હવે ખૂબ લોકપ્રિય બની રહ્યો છે. જો કે આ ઉત્સવમાં શરૂઆતના વર્ષોમાં ડીજેના ઘોંઘાટ અને પીઓપી મૂર્તિઓના કારણે પર્યાવરણીય નુકસાનની ફરિયાદો ઉઠતી હતી. જેમાં હવે ધીમે ધીમે પરિવર્તન આવતુ જાય છે. શહેરમાં ઈકો ફ્રેન્ડલી ગણેશજીના સ્થાપનનો મહિમા વધતો જાય છે. આ સાથે અનેક પ્રકારના રચનાત્મક, જાગૃતિ વિષયક અને રાષ્ટ્રભાવના સંલગ્ન કાર્યક્રમોના આયોજનો થવા લાગતા ગણેશ ઉત્સવ હવે વધુને વધુ જવાબદાર ઉત્સવ બનતો જણાઈ રહ્યો છે.

## પર્યુષણ પર્વ

**પ.પૂ. ગણિવર્ય યશકલ્યાણવિજયશ્રી મ.સાહેબ તથા પ.પૂ. મુનિરાજ તીર્થ પ્રેમ વિજયશ્રી મ.સાહેબની અમૃતવાણી**

### આઠમો દિવસ

**સંવત્સરીનું મૂલ્ય અમુલ્ય છે**

આજની વ્યાપારી માનસિકતા ધરાવતી જનતા કોઈપણ વસ્તનુ મૂલ્ય વિચારે છે અને પુછે છે જૈન પર્વ સંવત્સરી સંદર્ભે પણ આ બાબતે વિચારણા કરી શકાય. સંવત્સરીના દિવસે જૈન ધર્મીઓમાં હજારો લોકો પૌષધ વ્રત કરે છે. આ પૌષધમાં વાહનનો ઉપયોગ કરવાનો સંપુર્ણ ત્યાગ હોય છે. એટલે કે ઓઝોનના પડદાની ચીરી નાખતા ધુમાડાના ગોટા ઉડાડવામાં ધરખમ ઘટાડો થાય છે.

પૌષધમાં સ્નાન કરવાનું હોતુ નથી. પાણીની સમસ્યાની બુમરાડ ઓછી કરવાનું આ પ્રતિકાત્મક પગલું જાહેર જનતા ગણી શકે. પૌષધમાં ધર્મ સ્થાનની બહાર જવાનું હોતુ નથી અને ગુરુની આજ્ઞા મુજબ જીવન જીવવાનું હોય છે તે સ્થિરતા અને કહ્યાગરાપણું જેવા ગુણોના વિકાસની પ્રથમ પગથાર આ નિયમો બને છે. પૌષધમાં નાનામાં નાના જંતુની દયા પાળવાની હોય છે તે માટે નીચે જોઈને ચાલવું, બોલતી વખતે મોઢે મુપતિ રાખવાનું જરૂરી હોય છે. અરે પૌષધણાં જ્યાં પણ ફરવાનું હોય તો એ



બધું જ ઈકો ફ્રેન્ડલી પર્યાવરણનું જતન કરવામાં સહાયક બને છે અને જે દેશને કે વિશ્વની વ્યાપક શ્રૃષ્ટિ માટે નુકશાનકારક છે એ છોડવાનું હોય છે. જો કે જેનો પૌષધ વ્રત માત્ર આવા સ્થૂળ ઉદ્દેશથી નહિ પણ આત્મ કલ્યાણના પવિત્ર ઉદ્દેશથી કરે છે. આત્મા છે જ આત્મા પર રાગ દ્વેશ મોહ જેવા દુર્ગુણોના કારણે કર્મો પણ બનેલા છે અને ધર્મની આરાધનાથી એ દુર પણ થાય છે જ. સમજદાર જૈનો કદિ પણ ગચ્છજાતની માથાકુટોમાં પડતા નથી. સમજદાર જૈનો માત્ર આત્મકલ્યાણ અર્થે યથાશક્તિ ધર્મસાધના કરતા રહે છે.

સંવત્સરીના દિવસે ખાસ કરીને બારસા સુત્રનું શ્રવમ કરવાનું હોય છે. બારસો શ્લોક પ્રમાણે આ ધર્મ ગ્રંથ કલ્પસુત્રોનું મુળ સ્વરૂપ જ છે. સધર્મા ગાદીભાષામાં શ્રીભદ્રબાહું સ્વામીનું નામન જૈનાચાર્યાશ્રી દ્વારા રચિત આ ગ્રંથનું શ્રમણ મહત્તમ સંખ્યામાં જૈન સમુદાય કરે છે. આ ઉપરાંત સાંજે સંવત્સરી પ્રતિક્રમણ કરવાનું હોય છે. ગણધર ભગવંતો રચિત ધર્મ સુત્રોનું ઉચ્ચારણ અને તે મુજબની વિધી કરવાનું આ પવિત્ર અનુષ્ઠાન વિશ્વભરના તમામ જૈનો આચરે છે. આ પ્રતિક્રમણ પુર્ણ શ્રદ્ધાપૂર્વક કરનારા વ્યક્તિના વર્ષભરના પાપો મહદંશે નષ્ટ થાય છે. સંવત્સરીના પ્રસંગને પામીને જૈન દેરાસરોમાં પણ વિશેષ રૂપે સુશોભન ઠાઠ જોવા મળે છે. ભક્તિભાવના ઉપાસના પણ શ્રેષ્ઠ કક્ષાની થાય છે.

આવા પૌષધના કારણે વ્યક્તિમાં ધર્મની લાગણીઓ દૃઢ બને છે અને ધર્મિષ્ઠ વ્યક્તિઓમાં પ્રગટેલી દયા પરોપકાર નિસ્વાર્થ ભાવના વગેરેથી જ જગતમાં ગરીબો જરૂરીયાતમંદોના જીવનમાં અજવાળું પ્રગટે છે. એટલે વિશ્વની હાસ્યામાં ધકેલાયી ગયેલી પ્રજામાં સમાજ જે કાંઈ પણ થોડું ઘણું સતધર્મ કરે છે તેનો ધર્મનો મહત્તમ ફાળો છે એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.

## વાલ્મિકી સમાજના વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિથી વંચિત

ગાંધીનગર, તા. ૨૪

કલોલ તાલુકાના ઓલા ગામે આવેલ એક્સલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડીપ્લોમા સ્ટડીઝમાં વાલ્મિકી સમાજના વિદ્યાર્થીઓને બે વર્ષથી અતિ પછાત જાતિને શિષ્યવૃત્તિ મળી નથી. રૂત્વિક દિનેશભાઈ પુરબીયા અભ્યાસ કરે છે. જેને શિષ્યવૃત્તિ મેળવવા માટે પછાત વર્ગ કલ્યાણ અધિકારી ગાંધીનગર આત્મારામભાઈ પરમાર મંત્રી, અનુજાતિ કલ્યાણ સચિવ અનુ. જાતિ કલ્યાણ વિભાગ, નિયામકશ્રી તમામને રજુઆતો કરેલ છે. પરંતુ ગરીબ કચડાયેલા વાલ્મિકી સમાજના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ ચુકવવામાં વિલંબ કેમ થાય તે સમાજને સમજાતુ નથી.

**પ્રાંત યુવા વિકાસ અધિકારીની પરીક્ષામાં**

## ગુજરાત વ્યાપાર હિત રક્ષક સમિતિના ઉમેદવારોએ કાળી પટ્ટી ધારણ કરી વિરોધ દર્શાવ્યો

ગાંધીનગર, તા. ૨૪

શા. શિક્ષણ, ચિત્ર અને સંગીતની ભરતી છેલ્લા દસ વર્ષથી થયેલ નથી. સરકારના નિયમોનુસાર પહેલા ભરતી કરવામાં આવતી હતી અને હાલ એક વર્ષથી સરકારને ‘ગુજરાત વ્યાયામ હિત રક્ષક સમીતી’ દ્વારા અવારનવાર રજુઆત કરવામાં આવી છે. છતાં સરકાર કોઈ જ પગલા લેવા તૈયાર નથી.

જેને પગલે તા. ૨૪-૮-૨૦૧૪ના રોજ લેવાયેલ પ્રાંત યુવા વિકાસ અધિકારીની પરીક્ષા દરમ્યાન શા. શિક્ષણ, સંગીત તથા ચિત્રના ઉમેદવારોએ ભરતી ન થવાને કારણે પોતાનો વિરોધ સરકાર સામે કાળી પટ્ટી બાંધીને દર્શાવેલ હતો. તેમજ તા. ૨૮-૮-૨૦૧૭ના રોજ સત્યાગ્રહ છાવણી, ગાંધીનગર ખાતે શા. શિક્ષણ, સંગીત, ચિત્રના ઉમેદવારો અનશન ઉપર બેસીને પણ વિરોધ દર્શાવાના છે. તેમ શિક્ષણ સમિતિ દ્વારા જણાવાયું છે.

# ડેરી મેનેજમેન્ટ શીખવા બીબીએના વિદ્યાર્થીઓ સાબર ડેરીની મુલાકાતે

ગાંધીનગર, તા.૨૪

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બીબીએ) કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને ઔદ્યોગીક મુલાકાત માટે સાબરકાંઠા જીલ્લામાં હિંમતનગર ખાતેની પ્રતિષ્ઠિત સાબર ડેરીમાં લઈ જવામાં આવ્યા હતા. રોજનું લાખો લીટર દૂધ સમગ્ર જીલ્લાનાં દૂધ ઉત્પાદકો થકી અહી પંહોચે છે. જીલ્લાના તમામ રૂટથી આ દૂધ મેળવવામાં આવે છે. ગુણવતા જાળવવા ડેરી દ્વારા લેવામાં આવતા પગલા બાબતે વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી સાથે સાથે સ્વચ્છતા બાબતે લેવાતા પગલાઓની કેવી રીતે કરવી તેની ઉંડાણ પુર્વક માહિતી આપી હતી.

આ વિઝિટને સફળ બનાવવા માટે ડો.જે.કે. પટેલ સાહેબ શિક્ષણ વિભાગ ના અધિકારીશ્રી તેમજ સાબર ડરીના કર્મચારી વિજયાબેન પટેલનો ખુબ સુંદર સહકાર સાંપડ્યો હતો. ડેરીના તજજ્ઞ લોકો દ્વારા





સાબર ડેરીની મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓને ઉત્પાદનનાં વિવિધ તબક્કાઓ બાબતે સમજાવવામાં આવ્યા હતા. આ મુલાકાત દરમ્યાન ૭૧ વિદ્યાર્થીઓને ૩૫- ૩૬ વિદ્યાર્થીઓની ૨ ટીમમાં વિભાજીત કરી પ્રોડકશન અને ઓપરેશન્સ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

સાબર ડેરી સહકારી ક્ષેત્રની સફળતાનો ઉતમ નમૂનો છે. જ્યાં સમગ્ર સાબરકાંઠા જીલ્લાની અનેક દૂધ સહકારી મંડળીઓ જોડાયેલી છે. માહિતી આપવામાં આવી હતી. ડેરી દ્વારા દૂધ, દહી, છાશ, ઘી જેવી પ્રૉડક્ટ્સ તેમજ ગાય, ભેંસ નું દૂધ જુદા જુદા ફેટની કેટેગરી પ્રમાણે ગ્રાહક સુધી પહોંચાડવામાં આવે છે. પ્લાન્ટમાં દૂધ પહોંચે ત્યાર બાદ તેના ઉપર થતી પ્રોસેસથી લઈ પેકિંગ સુધીની તમામ બાબતો ઝીણવટ પૂર્વક સમજાવવામાં આવી હતી.

વિદ્યાર્થીઓને "પ્લાન્ટ લે આઉટ" તેમજ ઉત્પાદનનાં વિવિધ તબક્કાઓમાં સંચાલન કેવી રીતે કરવુ તેમજ"પ્લાન્ટ લે આઉટ" ની ગોઠવણી વિદ્યાર્થીઓને ઉત્પાદન, સંચાલન અને વહીવટનાં વિવિધ પાસાઓથી વાકેફ કરાયા હતા. જેમાં ડેરીનાં ૩ ઉચ્ચ અધિકારીઓએ વિદ્યાર્થીઓને ઉત્પાદન, સંચાલન અને વહીવટનાં વિવિધ પાસાઓથી વાકેફ કર્યા હતા.

સમગ્ર વિઝિટનું આયોજન સંસ્થાના આચાર્ય ડૉ. રમાકાન્ત પ્રસ્ટીનાં માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ અને ટ્રેનીંગ કમિટીના હેડ ડૉ. જયેશ તન્ના તેમજ પ્રો. મેથ્યુ જોહન દ્વારા સફળતાપુર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું.

# માતાજીના સ્મરણ સાથે એકલો ચાલુ છું : જયકર ભોજક

**જીવનમાં પહેલીવાર ચાલતા અંબાજી જવા નીકળેલા ગરબાકીંગ જયકર ભોજકની ગાંધીનગર સમાચાર સાથે ખાસ વાતચીત**

ગાંધીનગર, તા. ૨૪

‘‘જય અંબે... માતાનું સ્મરણ કરતાં કરતાં એકલો જ ચાલું છું, રસ્તામાં મિત્રો મળે છે પરંતુ તેમને મળીને પછી એકલો જ આગળ વધુ છું.’ આ કેફિયત રજૂ કરી છે ગુજરાતના જાણીતા ગરબા ગાયક જયકર ભોજકે જેમણે માતાજીના અઢળક ગરબા ગાઈ ખેલૈયાઓને તો ડોલાવ્યાં છે પરંતુ જીવનમાં પહેલી વાર પગપાળા ચાલતા અંબાજી જવા નીકળ્યાં છે અને આજે સાંજે ગાંધીનગરથી પસાર થયા હતા.



ગાંધીનગરના પણ યુવા ગરબા ખેલૈયાઓના હૃદયમાં આગવું સ્થાન ધરાવતા લોકપ્રિય ગાયક જયકર ભોજકે ‘ગાંધીનગર સમાચાર’ સાથેની ખાસ વાતચીતમાં જણાવ્યું હતું કે ‘તેઓ ગઈકાલે સવારે ૪ વાગે અમદાવાદથી અંબાજી ચાલતા જવા નિકળ્યાં છે. તેમણે રોજના ૨૦ કિમી અંતર કાપવું તે રીતે આયોજન કર્યું છે. જેના કારણે તેઓ આગામી તા. ૧લી સપ્ટેમ્બરે અંબાજી પહોંચી જશે. તેઓએ કહ્યું છે કે આમ તો દર વર્ષે હું અંબાજી સેવા કેમ્પો પર સેવા આપુ છુ અને દાંતાથી આગળ યુએસએ સેવા કેમ્પ પર એક દિવસે સાંજના ચારથી સવારના ૬ વાગ્યા સુધી માતાજીના ગરબા ગાઉ છું. જો કે આ વખતે ચાલતો અંબાજી જવા નીકળ્યો હોઈ સેવા કેમ્પ પર તો સેવા નહી આપી શકુ પણ યુએસએ કેમ્પ પરનો કાર્યક્રમ જરૂર કરીશ.

સ્વાઈન ફલુના રોગચાળાના વાવર સમયે ચાલતા જવાનું પસંદ કર્યું તે બાબતે જયકર ભોજકે કહ્યું કે ‘ચાલવાથી માંદા ના પડાય, ચાલવાથી તો સાજા થઈ જવાય.’’ અને એટલે જ આ વખતે મારૂ આલ્બમ રિલીઝ થઈ રહ્યું છે જેનું ટાઈટલ છે ‘નો જીએસટી, હેંડ અંબાજી’ આ સાથે તેમણે પોતે જીવનમાં વ્યસનથી દૂર રહેવા સાથે સાત્વિક જીવન જીવતા હોવાનું જણાવતા કહ્યું હતું કે ‘માતાજીનું નામ લેતા લેતાં સ્ટેજ પર દેવ થઈ જાઉ તો પણ મને કોઈ વાંધો નથી.’

જયકર ભોજકના પત્નિ તેમની દેખભાળ રાખવા માટે કાર લઈને આગળ પાછળ રહે છે. આ સાથે તેમણે તેમના ચાહકોને નિરાશા થાય તેવા સમાચારા આપતા કહ્યું હતુ કે આ વર્ષે નવરાત્રીમાં તેઓ કેનેડા ખાતે જવાના હોવાથી આ નવરાત્રી તેઓ ‘મીસ’ કરશે.

# સેનમા-રાવત સમાજ દ્વારા ધાર્મિક દેવસ્થાનોના પ્રવાસનું આયોજન

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર ખાતે ગુજરાત સેનવા-રાવત વિકાસ સંઘ અને ગાંધીનગર શહેર રાવત સમાજ વિકાસ મંડળના ઉપક્રમે એક ધાર્મિક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રારંભમાં મયૂરી રાવતે ગણપતિ વંદના કરી હતી. બેઠકમાં ખાસ ઉપસ્થિત ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સંસદીય સચિવ પુનમભાઈ મકવાણાએ દીપ પ્રાગટય કરી કાર્યક્રમને ખુલ્લો મુકી તેમને ઉદબોધનમાં શિવપુરાણના પ્રસંગો ટાંકી આધિ-વ્યાધિ-ઉપાધિમાંથી રક્ષણ મેળવવા ધર્મના શરણે જવાની શીખ આપી હતી.

રમેશભાઈ ગુંજેટીયાએ શ્રાવણ માસની મહત્તા સમજાવી યુવાનો-યુવતીઓને પરમ પૂજય પાંડુરંગ શાસ્ત્રી આઠવલે પ્રેરીત સ્વાધ્યાયી પ્રવૃત્તિઓમાં સામેલ થવા અનુરોધ કર્યો હતો. ગાંધીનગર શહેર રાવત સમાજ મહિલા મંડળની બહેનોએ સારા ભાવગીતો ગાઈને લોકોને આનંદીત કર્યા હતા. સમાજના વડીલોએ આધ્યાત્મિક વાતો સત્સંગથી વાતાવરણને ધાર્મિક બનાવ્યું હતું.

રમેશ રમકડું એ... આયા મેના કલાવૃંદે સાંસ્કૃતિક કાર્યક્રમો આપ્યા હતા. સંસ્થાના કાર્યાલય મંત્રી અમરતભાઈ પરમારે ધાર્મિક દેવસ્થાનોના દર્શન માટેના પ્રવાસની વિગતો આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા યુવક સમિતિના કન્વીનર હિતેશભાઈ મકવાણા, અમરતભાઈ પરમાર, નીતિન રાવત, વિઠ્ઠલ રાવત, ચમનલાલ રાવત, રાહુલ મકવાણા, નવદીપ મકવાણાએ ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન ગુજરાત સેનવા-રાવત વિકાસ સંઘના મહામંત્રી રમેશભાઈ ગુંજેટીયાએ કર્યું હતું. ગાંધીનગર શહેર રાવત સમાજ વિકાસ મંડળના પ્રમુખ વિઠ્ઠલભાઈ રાવતે સૌનો આભાર માન્યો હતો.

# પેથાપુર ખાતે શ્રી સ્વપંચ બાપાની ૨૩મી ભવ્ય શોભાયાત્રાનું આયોજન

તા.૨૬ ઓગસ્ટને શનિવારને ઋષી પંચમીના દિવસે શહેરને અડીને આવેલા પેથાપુર નગરમાં વાલ્મિકી સમાજ દ્વારા પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ૨૩મી ભવ્ય શોભાયાત્રા ઋષીધામથી બપોરે ૨ કલાકે નીકળીને સાંજે ૭ કલાકે નીજ ધામ પરત આવશે.આ ધાર્મિક પ્રસંગે ગાંધીનગર જિલ્લા વાલ્મિકી વિકાસ મંડળ પેથાપુર સમિતિ પરિવારજનો તરફથી સૌને પધારવા અનુરોધ કરાયો છે. આ શોભાયાત્રા પેથાપુરના માર્ગો ફરે છે જયાં ઠેરઠેર શોભાયાત્રાનું સ્વાગત કરવામાં આવે છે. મોટી બજાર ખાતે એસટી એસોસિએશનના પ્રમુખ નટુભાઈ દરજી, જુની પાણીની ટાંકી નિલકંઠ વિલા શોંપીગ સેન્ટર વ્યાપારી મંડળ તેમજ શામળભાઈ દવે દ્વારા આઈસ્કીમ અને શરબત પાણી દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવે છે.

**જાહેર નિવિદા (બીજો પ્રયત્ન)**

સરકારી પોલીટેકનીક સેક્ટર-૨૬ અને સ્ટાફ ક્વાર્ટર્સ સેક્ટર-૨૪ ખાતે ઉગેલ ઘાસની જાહેર હરાજી તા. ૪/૯/૨૦૧૭ના રોજ બપોરે ૩.૦૦ કલાકે સંસ્થા ખાતે સેક્ટર-૨૬માં રાખેલ છે. તો રસ ધરાવનાર ઈસમોએ રૂ. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા)ની ડીપોઝીટ ભરી રૂબરૂ હાજર રહેવું.

આચાર્ય
માહિતી/૧૪૨૫/૧૭-૧૮ સરકારી પોલીટેકનીક, ગાંધીનગર